મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080

સંક્ષિપ્ત સમાચાર

વેજલપુર પોલીસ સ્ટેશન દ્વારા 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ



કાલોલ : અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ તેમજ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે કાલોલ તાલુકા સ્થિત વેજલપુર પોલીસ સ્ટેશન દ્વારા વિવિધ દેશભક્તિસભર કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. "એક ભારત, શ્રેષ્ઠ ભારત" તેમજ "એકતા, સુરક્ષા અને સમૃદ્ધિ"ના ઉમદા સંદેશ સાથે વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.ઓ. ભરવાડના માર્ગદર્શન હેઠળ સવારે 'એકતા દોડ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દોડમાં પોલીસ જવાનો તેમજ સ્થાનિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દેશની એકતા અને અખંડિતતા જાળવવાના સંકલ્પને દોહરાવ્યો હતો.

પાવાગઢ શક્તિપીઠ મહાકાળી માતાજી મંદિરે અન્નકુટ ધરાવાતા ભક્તો ઉમટ્યા



હાલોલ. : આજે શ્રી કાલિકા માતાજી મંદિર શક્તિપીઠ પાવાગઢ ખાતે એક અનોખી શ્રદ્ધા ,ભક્તિ અને વિશ્વાસ નો ત્રિવેણી દેખાયો. કૃષિ યુનિવર્સિટી હાલોલના કુલપતિના માર્ગદર્શક દ્વારા સ્ટાફ અને વિદ્યાર્થીઓએ સાથે મળીને આ ઉત્પાદનો માંથી મહાકાળી માઁ ને એક અનોખો અન્નકૂટ ધરાવવાનો સંકલ્પ કર્યો, અને આજે ખૂબ મોટી સંખ્યામાં યુનિવર્સિટી પરિવારે પગપાળા મંદિરમાં આવીમા ને અન્નકૂટ અર્પણ કર્યો. આ એક અનોખો પ્રયોગ છે, કેમકે જંતુનાશક દવાઓ અથવા રસાયણીક ખાતરના ઉપયોગ વગરની આ બધી વાનગીઓ પ્રથમ વખત માને અર્પણ કરવામાં આવી.

ડભોઇમાં 300 જેટલી ગંગા સ્વરૂપ બહેનોનો વંદના સમારોહ યોજવામાં આવ્યો



ડભોઇ : ડભોઇ ખાતે શ્રી ચોવીસ ગામ રાણા સમાજ (૧૯૮૬) દ્વારા ગંગા સ્વરૂપ બહેનોના સન્માનાર્થે "વંદના સમારોહ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડભોઇના ધારાસભ્ય શૈલેષ મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહની વિશેષતા એ રહી હતી કે પ્રથમવાર ડભોઇ ઉપરાંત છોટાઉદેપુર, નર્મદા સહિતના વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓના રાણા સમાજની ગંગા સ્વરૂપ બહેનોનો પણ આ આયોજનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. સમાજની આશરે 300 જેટલી ગંગા સ્વરૂપ બહેનોને સાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવી હતી તેમજ જરૂરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ સનસનાટી ભર્યો કિસ્સો બન્યો

કુટખેડા ગામના પટેલ ફળિયામાં માજી સરપંચની હત્યા

ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારથી ઘા કરી વૃદ્ધને પતાવી દેતા ઉહાપોહ મચ્યો

કોઇ જૂની અદાવતે જીવલેણ કાવતરુ રચાયાની આશંકા



(પ્રતિનિધી) દાહોદ, તા.1

દાહોદ તાલુકાના કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારના કુટખેડા ગામના પટેલ ફળિયામાં ૬૫ વર્ષીય વૃદ્ધની ગળાના ભાગે ધારદાર હથિયારના ઘા મારી હત્યા કરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. દાહોદ તાલુકાના કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારના કુટખેડા ગામના પટેલ ફળિયામાં રહેતા ૬૫ વર્ષીય નરસિંહભાઈ ઘરની બહાર ઓસરી કે આંગણામાં સૂઈ રહ્યા હતા.તે દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે આવીને તેમના ગળાના ભાગે ધારદાર હથિયાર ઝીંકી દીધું હતું.ત્યારબાદ, તેમની બાજુમાં જ સૂતેલાં તેમના પત્ની સાજનબેનનું પણ ગળું દબાવીને મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ હુમલાથી ગભરાઈ ગયેલાં સાજનબેને બૂમાબૂમ કરી મૂકી હતી. અવાજ સાંભળીને પરિવારજનો તાત્કાલિક દોડી આવ્યા હતા. પરિવારજનોને આવતા જોઈને આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. પરિવાર જનોએ તપાસ કરતા નરસિંહ ભાઈને ધારદાર હથિયારના ગંભીર ઘા વાગવાથી સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા કતવારા પોલીસ કાફલો તુરંત ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે અને પરિવારજનોના નિવેદન નોંધવા સહિત આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાને પગલે પોલીસ કાફલો દોડી પહોચ્યો

ખૂટખેડા ગામના ૬૫ વર્ષીય માજી સરપંચ મીનામા નરસિંગભાઈ ભાવસિંગભાઈની મોડી રાત્રે ઘરમાં પત્ની સાથે હાજર હતા ત્યારે અજાણ્યા બે શખ્સો ઘરમાં પ્રવેશીને ગળાના ભાગે ઘા કરી ફરાર થઈ ગયા હતા. ગંભીર ઇજાગ્રસ્ત હાલતમાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ હત્યા ચોર દ્વારા કરવામાં આવી છે કે અન્ય કોઈ અદાવતમાં, તે દિશામાં પોલીસે સઘન તપાસ હાથ ધરી છે, જ્યારે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ લાવવામાં આવ્યો છે. આઘાતજનક ઘટનાને પગલે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિવારજનો તેમજ ગ્રામજનોમાં ભારે રોષ અને ગમગીની છવાઈ જવા પામી છે

જેતપુરપાવી તાલુકામાં 32 ગ્રામ પંચાયતોની ચૂંટણીના પડઘમ, સરપંચો સક્રિય

જેતપુરપાવી: જેતપુરપાવી તાલુકાની 32 ગ્રામ પંચાયતોમાં આગામી સમયમાં ચૂંટણી યોજાવાની સંભાવનાને પગલે રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણીની તારીખો ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા વચ્ચે વર્તમાન સરપંચો ફરી સક્રિય બન્યા છે. છેલ્લા ઘણા સમયથી જે વિકાસકામો અધૂરાં કે અટવાયેલાં પડ્યાં હતાં, તે કામો હવે ગ્રામ પંચાયતો દ્વારા હાથ ધરવામાં આવી રહ્યાં છે. ચૂંટણી નજીક આવતાં જ અચાનક વિકાસકામોની ગતિ વધતાં ગ્રામજનોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. લોકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે વર્ષોથી અટકેલાં કામો ચૂંટણી નજીક આવતાં જ કેમ યાદ આવ્યાં...? ત્યારે આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આ વિકાસના કામો અને સરપંચોની કામગીરી મતદારો માટે કેટલા મહત્વના સાબિત થશે તે જોવું રહ્યું.

બોડેલી પોલીસ મથક ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

ASP, PI સહિત પોલીસ અધિકારીઓએ કેવડિયામાં લાઈવ પ્રસારણ નિહાળ્યું



(પ્રતિનિધી) જાંબુઘોડા, તા.1

સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે એકતાનગર ખાતે PM નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમનું બોડેલી પોલીસ મથક ખાતે LED સ્ક્રીન પર જીવંત પ્રસારણ કરાયું.

ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે 31 ઓક્ટોબરના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના નર્મદા જિલ્લાના એકતાનગર (કેવડિયા) ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ભવ્ય રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એકતાનગર ખાતે યોજાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું બોડેલી પોલીસ મથક ખાતે LED સ્ક્રીનના માધ્યમથી જીવંત પ્રસારણ નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોડેલી પોલીસ ડિવિઝનના ASP હર્ષ શર્મા અને બોડેલી પોલીસ મથકના PI પ્રિયાંક બરંડા સહિત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં PSI કે.વી. પગી, PSI કે.એમ. રાઠોડ સહિત બોડેલી પોલીસ મથકનો પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

વન વિભાગની કામગીરીથી સ્થાનિકો અને પગપાળા યાત્રિકોએ રાહતનો શ્વાસ લીધો

યાત્રાધામ પાવાગઢ ડુંગર વિસ્તારમાં આતંક મચાવતો દીપડો પાંજરે પુરાયો



(પ્રતિનિધી) જાંબુઘોડા, તા.1

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ડુંગર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની સતત અવરજવરને પગલે સ્થાનિક રહેવાસીઓ તેમજ માતાજીનાં દર્શને આવતા શ્રદ્ધાળુઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ડુંગર પર જવાના માર્ગે આવેલા સાત કમાન વિસ્તાર સહિત આસપાસના વિસ્તારોમાં દીપડો લટાર મારતો જોવા મળતો હતો. ખાસ કરીને રાત્રિના સમયે દીપડાની હાજરીને પગલે સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. દરમિયાન છાશિયા તળાવ નજીક આવેલા સ્વામીજી આશ્રમની બાજુમાં દીપડાએ ગધેડાનો શિકાર કર્યો હોવાની ઘટના સામે આવતાં વિસ્તારમાં ફફડાટ ફેલાયો હતો. આ ઘટનાને પગલે દીપડાની હાજરી અંગેની ચિંતા વધુ ઘેરી બની હતી. પાવાગઢ ડુંગર પર દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શનાર્થે આવતા હોય છે, ત્યારે પગપાળા યાત્રા કરતા યાત્રિકોની સુરક્ષાને લઈને પણ સવાલો ઊભા થયા હતા. દીપડાની અવરજવર અને ગધેડાના શિકારની ઘટના બાદ વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવી જરૂરી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. આખરે વન વિભાગના પ્રયાસોને સફળતા મળી હતી અને મોડી રાત્રે દીપડો પાંજરે પુરાયો હતો. પાવાગઢ ડુંગર વિસ્તારમાં લાંબા સમયથી જોવા મળતા દીપડાને પાંજરે પૂરવામાં આવતાં સ્થાનિક રહેવાસીઓ અને માતાજીનાં દર્શને આવતા પગપાળા યાત્રિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

પોલીસે દારૂના જથ્થા સાથે બે ને ઝડપ્યા

પાદરા નજીક એક્સપ્રેસ-વે પરથી ૬.૪૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



(પ્રતિનિધી) પાદરા, તા.1

સ્કોર્પિયો કારમાં હરિયાણાથી દારૂની હેરાફેરી કરતા બે શખ્સો ઝડપાયા, દારૂની મોંઘીદાટ સ્કોચ બોટલો મળી ૪૬૪ બોટલ દારૂ સહિત કાર અને મોબાઈલ મળી રૂ. ૨૨.૨૭ લાખનો મુદ્દામાલ કબજે. વડોદરા ગ્રામ્ય એલસીબી પોલીસે દારૂની હેરાફેરી સામે કાર્યવાહી કરતાં પાદરા તાલુકાના પાટોદ ગામની સીમમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ નેશનલ એક્સપ્રેસ-વે પરથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્કોર્પિયો કારમાં લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ, મોબાઈલ ફોન, રોકડ રકમ સહિત કુલ રૂ. ૨૨,૨૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. એલસીબી ના મુકેશભાઈ ડાંગર તથા હરેશભાઈ વાંક અને ગોવિંદસિંહ સોલંકી ને સંયુક્ત મળેલી ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે પાટોદ-દરાપુરા બ્રિજ નીચે ભરૂચ તરફ જવાના ટ્રેક પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમીવાળી કાળા રંગની સ્કોર્પિયો કાર આવતા તેને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૪૬૪ બોટલો મળી આવી હતી.

ગોધરા તાલુકાના કાંકણપુરમાં રાષ્ટ્રીય એકતો સંદેશ ફેલાવાયો

રન ફોર યુનિટી-૨૬માં મોટી સંખ્યામાં દોડવીરો જોડાયા



(પ્રતિનિધી) ગોધરા, તા.1

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે કાંકણપુર પોલીસ સ્ટેશન, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને નેહરુ યુવા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે રન ફોર યુનિટી ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપતા આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ. મહેશભાઈ રાઠવા અને પંકજભાઈ પરમારે સરદાર પટેલના અખંડ ભારતના નિર્માણના યોગદાન અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મહત્વ વિશે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ચાર કિલોમીટર લાંબી એકતા દોડ કાંકણપુર પોલીસ સ્ટેશનથી શરૂ થઈ બસ સ્ટેન્ડ રોડ, કોલેજ રોડ અને પેટ્રોલ પંપ થઈને રામજી મંદિર સુધી યોજાઈ હતી. આ યાત્રામાં પી.એસ.આઈ., ડૉ. મહેશભાઈ રાઠવા, પંકજભાઈ પરમાર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર સાબતસિંહ પટેલ, નેશનલ ખેલાડી દશરથભાઈ તેમજ પોલીસ કર્મચારીઓ, કોલેજના વિદ્યાર્થીઓ, એન.એસ.એસ. સ્વયંસેવકો અને આગેવાન ગ્રામજનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. દોડના સમાપન બાદ કાંકણપુર પોલીસ સ્ટેશન ખાતે સભા યોજાઈ હતી. પી.એસ.આઈએ યુવાનોને સંબોધતા જણાવ્યું કે એકતા જ આપણી સૌથી મોટી શક્તિ છે અને આ દોડ અખંડ ભારતના નિર્માણનો એક મજબૂત સંકલ્પ છે.

આદિવાસી ન્યાય યાત્રાનું સુખસર ખાતે ભવ્ય સ્વાગત



(પ્રતિનીધિ) સુખસર, તા.1

આદિવાસી સમાજના હક્ક, અધિકાર,બંધારણીય મૂલ્યો અને ન્યાયની બુલંદ માંગ સાથે નીકળેલી 'આદિવાસી ન્યાય યાત્રા' આજે સુખસર ખાતે આવી પહોંચતાં સ્થાનિક નાગરિકો અને કાર્યકરો દ્વારા તેનું ઉત્સાહભેર અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં યોજાયેલી આ યાત્રાનું નેતૃત્વ તેમના ધર્મપત્ની શ્રીમતી વર્ષાબેન વસાવા તથા શ્રીમતી શકુંતલાબેન વસાવા કરી રહ્યા છે.

હાલોલના પાલનપુર ગામના પુલ પાસે ગમખ્વાર અકસ્માત

અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવાર એકનું મોત,એક ઈજાગ્રસ્ત



(પ્રતિનિધી) હાલોલ, તા.1

ગત તારીખ ૩૧/૧૦/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે પોણા નવ વાગ્યાના સુમારે તપોવનસિંહ ગમસીંગભાઈ નાયકા તથા જગદિશભાઈ કાળીદાસભાઈ નાયકા પોતાની બાઈક લઈને વસંતગઢથી વડોદરા તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન બોડેલી-હાલોલ રોડ પર પાલનપુર ગામ પાસે આવેલા પુલ નજીકથી પસાર થતી વખતે કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તેમની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી ભીષણ હતી કે બંને યુવકો રોડ પર પટકાતાં તેમને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તપોવનસિંહ ગમસીંગભાઈ નાયકાને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા જગદિશભાઈ નાયકાને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.આ બનાવ અંગે વડોદરાના સમા વિસ્તારમાં રહેતા અલ્પેશ ચંદ્રસિંહ જાદવે પાવાગઢ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ડભોઈ તાલુકાના કરાલી ગામનો બનાવ

દેવ નદીના કિનારે બકરીઓ ચરાવવા ગયેલ વૃદ્ધ પર મગરનો હુમલો

મગરના હુમલા થી અન્ય પશુ પાલકો સહિત ગામ લોકોમાં ફફડાટ જોવા મળ્યો

(પ્રતિનિધી) ડભોઈ, તા.1

ડભોઈ તાલુકાના કરાલી ગામ ની સીમ માંથી પસાર થતી દેવ નદીના કિનારે કરાલી અને ઢોલાર ગામના પશુ પાલકો પોતાના પાલતુ પશુઓને લઈ ને ચરાવવા જાય છે. ત્યારે કરાલી ગામે રહેતા 60 વર્ષીય વૃદ્ધ સોમાભાઈ મેલાભાઈ વસાવા પણ રાબેતા મુજબ પોતાના બકરા લઈ ચરાવવા ગયા હતા.ત્યારે બપોર ના બકરાઓ ચરાવવા ગયેલ વૃદ્ધ સોમાભાઈ વસાવા દેવ નદી માં હાથ પગ ધોઈ રહ્યા હતા.ત્યાતો પાણીમાં છુપાઈ ને બેઠેલા મહાકાય મગરે વૃદ્ધ પર હુમલો કર્યો હતો.અને વૃદ્ધ ને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. ત્યારે બૂમાબૂમ થતા આજુબાજુ ના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.જે બાદ માં ગંભીર રીતે ઘવાયેલા સોમાભાઈ વસાવા ને સારવાર અર્થે ડભોઈ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં વૃદ્ધ ની હાલત ગંભીર હોવાનું જાણવા મળેલ છે.દેવ નદી માં મગરે કરેલા હુમલા થી અન્ય પશુ પાલકો સહિત ગામ લોકો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

રૂ. ૫.૫૦ કરોડના ખર્ચે બનનારા પુલથી વાહન-વ્યવહારમાં સુવિધા મળશે

સિંગવડના ભમરેચી માતા મંદિરથી વિકાસ માતાના પાલ્લા બનશે નવો પુલ



(પ્રતિનિધી) સિંગવડ, તા.1

ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામાં આવેલી કબુતરી નદી પર બોક્ષ કલ્વર્ટ અને એપ્રોચ રોડની કામગીરીનું ખાતમુહૂર્ત રાજ્યકક્ષાના મંત્રી રમેશભાઈ બી. કટારાના હસ્તે યોજાયું હતું.

આ પ્રસંગે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર, લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, પંચાયતના હોદ્દેદારો, માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીનું નાળિયેર વધેરી, દીપ પ્રગટાવી અને સાલ ઓઢાડી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સરકારના રૂ. ૫.૫૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ પુલથી ચોમાસામાં નદીમાં પૂર આવવાને કારણે બંધ થઈ જતો વાહનવ્યવહાર હવે બારેમાસ સુરક્ષિત રહેશે.